# જળને પડદે

(દ્વિઅંકી નાટક)

સતીશ વ્યાસ

**અરુણોદય પ્રકાશન**

પુસ્તકપ્રકાશક, પ્રસારક અને પ્રચારક

૨૦૨, હર્ષ કૉમ્પ્લેક્સ, ખત્રીપોળ, પાડાપોળ સામે,

ગાંધી રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧

ફોન નં. : (૦૭૯) ૨૨૧૧ ૪૧૦૮

Email : arunodayprakashan@yahoo.co.in

VYAS, Satish
**JALNE PADADE**
(Biographical Two Act Play About Gujarati Poet KANT )
2nd, Ed., - **ARUNODAY PRAKASHAN**
AHMEDABAD-380001
October, 2023

**ISBN No. :** 978-93-80468-82-2

© ઋચા શાહ, ૨૦૨૩

**આયોજક :** મહેન્દ્ર સી. શાહ

**પ્રકાશક :**
ચંદ્રમૌલિ એમ. શાહ
**અરુણોદય પ્રકાશન**
૨૦૨, હર્ષ કૉમ્પ્લેક્સ,
ખત્રીપોળ, પાડાપોળ સામે,
ગાંધી રોડ, ટઅમદાવાદ – ૩૮૦ ૦૦૧
ફોન : ૨૨૧૧ ૪૧૦૮

**પ્રથમ આવૃત્તિ :** ઑક્ટોબર, ૨૦૦૫
**દ્વિતીય આવૃત્તિ :** ઑક્ટોબર, ૨૦૨૩

**પૃષ્ઠ :** ૭૨

**મૂલ્ય :** રૂ. ૧૦૦.૦૦

**મુદ્રક :**
ચંદ્રિકા પ્રિન્ટરી,
દૂધેશ્વર રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

**પ્રસ્તુત નાટક ભજવવા માટે લેખક અથવા ઋચા શાહને જાણ કરવી આવશ્યક છે.**
**સતીશ વ્યાસ ૯૪૨૬૩ ૬૦૦૪૯, ઋચા શાહ ૯૪૨૬૩ ૮૭૫૯૧**

# ૪

# 'કાન્ત'ના અંતરંગ જીવનનો કલાત્મક નાટ્યપ્રયોગ

ચીમન પટેલ

સતીશ વ્યાસલિખિત 'જળને પડદે' નાટકમાં કવિ કાન્તના અંતરંગ જીવનનો કલાત્મક નાટ્યપ્રયોગ કરવામાં આવ્યો છે. લેખકે કવિ કાન્તના જીવનમાંથી સુંદર સાહિત્ય-સંવાદ આ નાટક દ્વારા ગુજરાતી નાટ્યસાહિત્યસ્વરૂપને પૂરો પાડ્યો છે. કવિ કાન્તના જીવનસંદર્ભનાં પાસાંઓને લેખકે જુદા જુદા પ્રસંગો પ્રમાણે આવરીને નાટ્યસ્વરૂપ આપ્યું છે. કવિ કાન્તનું જીવન અનેક પ્રકારના આંતરબાહ્ય સંઘર્ષોથી ભરેલું હતું.

નટ દ્વારા માગણી થતાં લેખકને કવિ કાન્તના ધર્માંતર પ્રસંગમાં રસ પડ્યો. લેખકનું ધ્યાન કવિ કાન્તના જીવન તરફ દોરાયું અને કવિના જીવનને નાટ્યસ્વરૂપ આપ્યું. નાટક ભલે નટને (નાયકને) ધ્યાનમાં રાખીને લખવામાં કે સર્જન કરવામાં આવ્યું હોય, પરંતુ એનાથી પણ વિશેષ બાબત તો એ છે કે કાન્તના જીવનમાં આવતાં ઉતાર-ચઢાવને કલાત્મક રીતે સામાજિક અભિગમ દ્વારા આ નાટકમાં રજૂ કરવામાં આવ્યાં છે.

આ નાટકમાં કવિ કાન્તની રચનાઓનો ઓછો ઉપયોગ કરવામાં આવ્યો છે. અલબત્ત, જરૂર જણાય ત્યાં એમની રચનાઓનો પણ ઉપયોગ કર્યો જ છે. પરંતુ મહત્ત્વ તો કવિના જીવનને જ આપવામાં આવ્યું છે. એટલે કે નાટકના કેન્દ્રસ્થાને તો કવિજીવન જ છે. કવિ કાન્તના જીવનમાં બનતી ઘટનાઓ જેવી કે પિતાનું મૃત્યુ, પહેલાં પત્ની નર્મદા, મોટો પુત્ર પ્રાણલાલ, કવિ કલાપી, ભાવસિંહજી મહારાજ, તેમજ બીજાં પત્ની નર્મદા વગેરે સ્વજનોનાં મૃત્યુથી કવિ ખૂબ દુઃખી થયા. પિતા અને પ્રથમ પત્ની નર્મદાના મૃત્યુ પછી સ્વીડનબૉર્ગ અને બાઇબલના અભ્યાસને લઈ ખ્રિસ્તી ધર્મના કરુણાજન્ય સ્નેહના ખ્યાલનું આકર્ષણ, પોતાના વ્યક્તિસ્વાતંત્ર્યના ખ્યાલનો અભિગમ, જન્મના લીધે ધર્મ અને વર્ણ ઓળખાતાં નથી, પરંતુ કર્મથી અને વર્ણ-ઓળખની વિભાવના, સ્વીડનબૉર્ગ અને કાન્તના પિતા રત્નજી ભટ્ટની છબિ વચ્ચેનું સામ્ય અને છેલ્લે ખ્રિસ્તી ધર્મની પુનરુત્થાનની માન્યતાઓ દ્વારા કવિ કાન્તના અંતરંગજીવનમાં કલાત્મક નાટ્યપ્રયોગ જોવા મળે છે.

નાટ્યકાર 'જળને પડદે' નાટકના નિવેદનમાં જ જણાવે છે કે કવિ કાન્ત સ્વજનોની વિદાયથી (મૃત્યુથી) વ્યથિત હતા. સમગ્ર જીવન દરમિયાન